# પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, ડાંગ-આહવા

## સારી કામગીરી સેકશન Content id - 29590

પોલીસ અધિક્ષકશ્રી ડાંગ-આહવાનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ રાખવામાં આવેલ આરોપીઓને પકડીપાડવા ઝુંબેશની કામગીરી દરમ્યાન સાપુતારા પો.સ્ટે. ''એ'' પાર્ટ ગુ.ર.નં.૧૧૨૧૯૦૩૦૨૪ ૦૧૨૧/૨૦૨૪ કલમ- ૩૧૮(૪),૩૧૯(૨) તથા ધી ઇન્ફોર્મેશન ટેકનોલોજી એકટની કલમ-૬૬(સી), ૬૬(ડી) મુજબનો ગુનો તા.૧૯/૦૮/૨૦૨૪ ના રોજ કલાક.૨૧/૩૦ વાગ્યે સાપુતારા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ છે. આ કામે હકિકત એવી રીતેની છે કે, આ કામના તહોદારોએ સાપુતારા ખાતે આવેલ લેકવ્યુ હોટલની ગુગલ ઉપર ફેક વેબસાઇટ www.lakeviewhotels.co.in તથા www.lakeviewhotelsaputara.com ની બનાવી તેમા ઓનલાઇન બુકીંગ, ઇન્કવાયરી અને ઓનલાઇન પેમેન્ટ માટે મોબાઇલ નં.(૧)૮૮૭૧૪૮૩૪૧૮ (૨)૮૯૭૯૯૦૪૬૧૩ (૩)૯૦૮૪૧૬૫૮૯૮ (૪)૯૦૫૮૦૪૯૬૧૭ (૫)૭૦૭૩૨૭૭૨૧૩ ના બતાવી આ નંબરોનો ઉપયોગ કરનારાઓએ સાપુતારા લેકવ્યુ હોટલમાં સાહેદોને ઓનલાઇન રૂમ બુકીંગ કરાવી અલગ-અલગ પાંચ કસ્ટમરો પાસેથી ઓનલાઇન યુ.પી.આઇ. મારફતે અલગ-અલગ તારીખે ફોન-પે અને ગુગલ-પે અને IMPS મારફતે માં કુલ રૂ.૧,૩૪,૮૦૧/- ના ટ્રાન્સફર કરાવી છેતરપીંડી કરેલ છે અને આ ભોગબનનારાઓના જે ખાતામાં પૈસા ટ્રાન્સફર થયેલ તેની KYC ની માહીતી મેળતી કર્ણાટકા બેન્ક ખાતા નં. 8412500100134501 IFSC નં.KARB0000793 ભોગ બનનારોના નાણા ઓનલાઇન ટ્રાન્સફર થયેલ છે અને ખાતા ધારકની તપાસ કરતા ખાતા ધારક લક્ષ્મી વા/ઓફ બાલાક્રિષ્ણા હગેદાલ ઉ.વ.૩૩, ધંધો.બ્યુટી પાર્લર રહે.ઘર નં.૮૯૨ શ્રી સિધ્ધેશ્વરનગર કાનબારગી બેલગાવ શીવાજીનગર કર્ણાટકા. હાલ રૂકમણીનગર મકાન નં.૧૩, કાનબારગી રોડ બેલગાવ કર્ણાટકા વાળીને ઉપરોક્ત ગુનાના કામે તા.૧૪/૧૦/૨૦૨૪ ના કલાક.૧૨/૦૦ વાગ્યે અટક કરી કોર્ટ હવાલે કરવામાં આવેલ છે. જે પ્રશંસનીય સારી કામગીરી કરવામાં આવેલ છે.